શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

વર્ષ–૭ અંક–૧૦
ઓકટોબર – ૨૦૧૫
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/–

સદ્‌વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

ગુરુકુલ દર્શન

નૂતન વર્ષાભિનંદન

શ્રીજી મહારાજના લાડીલા વ્હાલા ભક્તજનો ! જય શ્રી સ્વામિનારાયણ

દીપાવલીનું પર્વ એટલે પ્રકાશનું પર્વ. નૂતનવર્ષ એટલે નવલા સૂરજને વધાવવાનું પર્વ.

સૂરજના અજવાળા અંધકારનો નાશ કરે છે. અંધકાર અનેક પ્રકારનો છે.

એક અંધકાર બુદ્ધિને ઘેરીને મનુષ્યને સ્વાર્થાંધ બનાવે છે અને ધોળે દિવસે પણ સત્ય સૂઝવા દેતો નથી.

બીજો અંધકાર સમસ્ત સમાજને અજ્ઞાનની ચાદરથી આવરી લે છે અને સમાજ ગુલામીની જંજીરોથી જકડાય જાય છે.

ત્રીજો અંધકાર મનુષ્યની ચેતનાને ઘેરી વળે છે; મનુષ્યને મોહાંધ બનાવે છે અને આત્મિક વિકાસને અવરોધે છે.

બુદ્ધિનો અંધકાર દૂર થાય છે ત્યારે વ્યક્તિને જીવનની પ્રગતિ અને પરમાર્થનો સાચો પંથ સૂઝે છે.

સામાજિક અંધકાર દૂર થાય ત્યારે આઝાદીની ક્રાંતિઓ સર્જાય છે.

ચેતના ઉપર ચડેલો અંધકાર દૂર થાય છે ત્યારે અધ્યાત્મનો પંથ ઉજ્જવલ થાય છે.

ભગવાન શ્રીહરિ આપણા સર્વ પ્રકારના અંધકારને દૂર કરે અને આત્મજ્યોતિને અજવાળે એવી અમે દીપાવલી અને નૂતનવર્ષના મંગલપર્વે શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ.

સ્વામી માધવપ્રિયદાસના
સસ્નેહ જય શ્રી સ્વામિનારાયણ

સંવત્ ૨૦૭૧/૭૨
આસો - કાર્તિક

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્
(SGVP) અમદાવાદ

2015
November

સોમ MON	મંગળ TUE	બુધ WED	ગુરુ THU	શુક્ર FRI	શનિ SAT	રવિ SUN
30 કાર્તિક વદ-૫		11		www.swaminarayangurukul.org Email : gurukul@sgvp.org SwaminarayanGurukul GurukulParivar		1 આસો વદ-૬
2 આસો વદ-૭	3 આસો વદ-૮	4 આસો વદ-૯	5 આસો વદ-૯	6 આસો વદ-૧૦	7 આસો વદ-૧૧ રમા એકાદશી	8 આસો વદ-૧૨ વાઘબારસ
9 આસો વદ-૧૩ ધનતેરસ, લક્ષ્મી પૂજન	10 આસો વદ-૧૪ કાળી ચૌદશ હનુમાનજીનું પૂજન	આસો વદ-૩૦ 11 દિવાળી ચોપડા પૂજન	12 કાર્તિક સુદ-૧ અન્નકૂટોત્સવ, નૂતન વર્ષ પ્રારંભ	13 કાર્તિક સુદ-૨ ચંદ્ર દર્શન ભાઈબીજ, યમદ્વિતીયા	14 કાર્તિક સુદ-૩	15 કાર્તિક સુદ-૪
16 કાર્તિક સુદ-૫ લાભ પાંચમ	17 કાર્તિક સુદ-૬	18 કાર્તિક સુદ-૭	19 કાર્તિક સુદ-૮	20 કાર્તિક સુદ-૯ શ્રીહરિ જયંતી	21 કાર્તિક સુદ-૧૦	22 પ્રબોધિની એકાદશી તુલસી વિવાહ પ્રારંભ
23 કાર્તિક સુદ-૧૨ વડતાલ લક્ષ્મીનારાયણ દેવનો પાટો.	24 કાર્તિક સુદ-૧૩	25 કાર્તિક સુદ-૧૪-૧૫ મુકુટોત્સવ પૂનમ તુલસી વિવાહ સમાપ્ત	26 કાર્તિક વદ-૧	27 કાર્તિક વદ-૨	28 કાર્તિક વદ-૩	29 કાર્તિક વદ-૪

ગુરુકુલ દર્શન

-: સંસ્થાપક :-

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

વર્ષ-૭, ઓક્ટોબર : ૨૦૧૫, અંક : ૧૦

પ્રકાશક	:	પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
તંત્રી	:	પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક	:	શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
કલા સંયોજન	:	હરિકૃષ્ણ ગ્રાફિક્સ
વ્યવસ્થાપન	:	જગજીવનભાઈ પટેલ
તસ્વીર	:	જી. વિઝન
મુદ્રક	:	સૂર્યા ઓફસેટ

છુટક અંક	:	રૂા. ૫/-
પંચ વાર્ષિક લવાજમ	:	રૂા. ૨૫૦/-
૨૫ વર્ષ લવાજમ	:	રૂા. ૭૦૦/-
વિદેશમાં આજીવન લવાજમ	:	$ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર

'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

ધિત ગતીએ વહેવુ, કરુણારસથી દ્રવતું રહેવું, રાગ-દ્વેષની સીમા તજવી, પ્રેમ તણી વીણાઓ સજવી.
- પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

દિપાવલી અને નૂતન વર્ષની શુભકામના

શ્રીજી મહારાજ અને સંતોના લાડીલા સૌ ભક્તજનો....

આપ સૌને હેતથી જય શ્રી સ્વામિનારાયણ.

આપણે મનુષ્ય તરીકે જન્મ પામ્યા એ જ આપણી દિવાળી અને આપણને આ દિવ્ય સત્સંગ મળ્યો એ આપણું નૂતન વર્ષ.

દિવાળીના દિવસોમાં દીવડા પ્રગટાવીએ છીએ. એનો અર્થ મનુષ્ય તરીકેના જીવનમાં સદ્‌ગુણોરૂપી દીવડા ખીલવવા. નવા વર્ષે આપણે નવા નવા કપડા પહેરીને પરસ્પર મળીએ છીએ, એક બીજાને અભિનંદન પાઠવીએ છીએ એ જ રીતે સત્સંગમાં આપણે દિન-પ્રતિદિન નવા નવા ઉત્સાહ સાથે સેવા-ભજન કરતા રહીએ. એક બીજાના ગુણ ગ્રહણ કરીએ અને એક બીજાના સદ્‌ગુણોને વધારવા પરસ્પર પ્રોત્સાહન આપીએ તો આપણું જીવન દિવ્ય અને મંગલકારી બની જાય.

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ કીર્તનમાં ગાયું છે તેમ 'મારે દાડી દાડી રે દિવાળી' એમ આપણને પણ ભગવાન શ્રી સ્વામિનારાયણ મળ્યા, આ સંતો મળ્યા, હવે આપણે પણ એવા ઉત્તમ ભાવમાં જીવતા શીખવું અને મુક્તાનંદ સ્વામીની જેમ નિત્ય નવી શ્રદ્ધા અને નવા ઉત્સાહ સાથે સત્સંગની સેવા, ભજન, ભક્તિમાં મંડી પડવું.

નૂતન વર્ષના પ્રારંભમાં સર્વજીવહિતાવહ ૧૦૦૮ કુંડી મહાવિષ્ણુયાગમાં સર્વ રીતે જોડાઈને જીવન ધન્ય બનાવી લેવું. એવી અભ્યર્થના અને પ્રભુ પ્રાર્થના સાથે સૌને જય શ્રી સ્વામિનારાયણ.

લી. પુરાણી ભક્તિપ્રકાશદાસના
હેતથી જય શ્રી સ્વામિનારાયણ

શ્રી સ્વા મિ ના રા ય ણો વિ જ ય તે ત રા મ્

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્
(SGVP) અમદાવાદ

સંવત્ ૨૦૭૨
કાર્તિક - માગસર

2015
December

સોમ MON	મંગળ TUE	બુધ WED	ગુરુ THU	શુક્ર FRI	શનિ SAT	રવિ SUN
	1 કાર્તિક વદ-૬	2 કાર્તિક વદ-૭	3 કાર્તિક વદ-૮	4 કાર્તિક વદ-૯	5 કાર્તિક વદ-૧૦	6 કાર્તિક વદ-૧૦
7 કાર્તિક વદ-૧૧ ઉત્પત્તિ એકાદશી	8 કાર્તિક વદ-૧૨	9 કાર્તિક વદ-૧૩	10 કાર્તિક વદ-૧૪	11 કાર્તિક વદ-૩૦ દર્શ અમાવાસ્યા	12 માગસર સુદ-૧	13 માગસર સુદ-૨
14 માગસર સુદ-૩	15 માગસર સુદ-૪ વચનામૃત જયંતી	16 માગસર સુદ-૫	17 માગસર સુદ-૬ ધનુર્માસ પ્રારંભ	18 માગસર સુદ-૭	19 માગસર સુદ-૮-૯ શ્રીહરિ જયંતી	20 માગસર સુદ-૧૦
21 માગસર સુદ-૧૧ મોક્ષદા એકાદશી, ગીતા જયંતી	22 માગસર સુદ-૧૨	23 માગસર સુદ-૧૩	24 માગસર સુદ-૧૪	25 મુકુટોત્સવ પૂનમ દત્તાત્રેય જયંતી, નાતાલ	26 માગસર વદ-૧	27 માગસર વદ-૨
28 માગસર વદ-૩	29 માગસર વદ-૪	30 માગસર વદ-૫	31 માગસર વદ-૬	www.swaminarayangurukul.org Email : gurukul@sgvp.org SwaminarayanGurukul GurukulParivar	12	

વ્રત ઉત્સવની વિગત

૩/૧૨/૨૦૧૫
અમદાવાદ ગુરુકુલ સ્થાપના દિન
સં. ૨૦૩૩,

૧૧/૧૨/૨૦૧૫
પ્રેમાનંદ સ્વામીનો આ. વા. સં -૧૯૧૧

૧૫/૧૨/૨૦૧૫
અમદાવાદ-ગુરુકુલમાં પાટોત્સવ
શ્રીઘનશ્યામ મહારાજનો અભિષેક
અન્નકૂટ દર્શન તથા વચનામૃત પૂજન,
વિનાયકી ચોથ

૧૯/૧૨/૨૦૧૫
રાજકોટમાં શ્રીલક્ષ્મી-નારાયણ
દેવોનો પાટો. સં. ૨૦૦૯
શ્રીહરિ જયંતિ ઉત્સવ સ્વા. ગુરુકુલ,
અમદાવાદ. શ્રીનીલકંઠવર્ણી અભિષેક
રાજોપચાર પૂજન દર્શન

૨૨/૧૨/૨૦૧૫
સ.ગુ.શ્રીરામાનંદ સ્વામીનો અ.વા.
સં. ૧૮૫૮ ફરેણી.

૨૫/૧૨/૨૦૧૫
મુકુટોત્સવ પૂનમ, દત્તાત્રેય જયંતી,

ભગવાન ભજો છો અને ભજજો, ભગવાન ભજવામાં જ માલ છે. - પૂજ્યપાદ જોગીસ્વામી

નવા વર્ષના નવલા વિચારો

વહાલા પરિવારજનો,

જય શ્રી સ્વામિનારાયણ

વિક્રમ સંવત્ ૨૦૭૨નું નવલું વર્ષ તારીખ-૧૨/૧૧/૨૦૧૫ ના રોજ પ્રારંભ થાય છે. ત્યારે અક્ષરધામના અધિપતિ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ અને મહામુક્તોના ચરણારવિંદમાં પ્રાર્થના કરીને આપણા સૌના આ લોકના વ્યવહારૂ જીવન અને પારલૌકિક જીવનની મંગલકામના કરીએ છીએ.

ભગવાન શ્રી સહજાનંદ સ્વામીની સત્સંગ પરંપરા શુદ્ધિની પરંપરા છે. ધર્મ સુધારણા માટે શ્રીજી મહારાજે જેમ પંચ વર્તમાન આપ્યા છે. એ જ રીતે આધુનિક યુગમાં પાંચ વિશુદ્ધ વિચારોને ક્રિયાન્વિત કરવાની તાતી જરૂરિયાત છે.

૧. શરીર શુદ્ધિ -: આહાર-વિહાર અને વાણી-વ્યવહારથી શરીર સ્વચ્છ રાખવું.

૨. મન શુદ્ધિ -: પવિત્ર વિચારો, સત્સંગના વિચારો અને સેવાના વિચારોથી મનને શુદ્ધ રાખવું.

૩. વ્યવહાર શુદ્ધિ -: નીતિમત્તા અને પ્રામાણિકતાથી આદાન-પ્રદાન કરીને વ્યવહારો શુદ્ધ રાખવા.

૪. ઘર શુદ્ધિ -: આપણા ઘર અંદર-બહાર સ્વચ્છ રહે અને ઘરમાં સત્સંગ સભર વાતાવરણ સર્જીને ઘરને મંદિર બનાવવું.

૫. ગ્રામ શુદ્ધિ -: આપણું ગામ, મહોલ્લા કે આપણે જ્યાં રહેતા હોય એ વિસ્તારમાં પર્યાવરણ વિશુદ્ધ રહે તે માટે સામૂહિક રીતે સ્વચ્છતા, વ્યસન મુક્તિના આયોજન કરીને ગ્રામ શુદ્ધિ દ્વારા ઉત્તમ માનવ જીવનના આદર્શ પ્રગટાવવા.

નવા વર્ષે આ પાંચ વિચારોનો દૈનિક જીવનમાં અમલ કરીને પરમાત્માના આશીર્વાદના અધિકારી બનીએ.

લી. પુરાણી બાલકૃષ્ણદાસના
હેતથી જય શ્રી સ્વામિનારાયણ



શ્રી હરિકૃષ્ણ મહારાજ - વડતાલધામ

શ્રી સ્વા મિ ના રા ય ણો વિ જ ય તે ત રા મ્

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્
(SGVP) અમદાવાદ

સંવત્ ૨૦૭૨
માગસર - પોષ

2016
January

સોમ MON	મંગળ TUE	બુધ WED	ગુરુ THU	શુક્ર FRI	શનિ SAT	રવિ SUN
1		www.swaminarayangurukul.org Email : gurukul@sgvp.org SwaminarayanGurukul GurukulParivar		1 માગસર વદ-૭	2 માગસર વદ-૮	3 માગસર વદ-૯
4 માગસર વદ-૧૦	5 માગસર વદ-૧૧	6 માગસર વદ-૧૨ સફલા એકાદશી	7 માગસર વદ-૧૨	8 માગસર વદ-૧૩	9 માગસર વદ-૧૪-૩૦ દર્શ અમાવાસ્યા	10 પોષ સુદ-૧
11 પોષ સુદ-૨ ચંદ્રદર્શન	12 પોષ સુદ-૩ વિવેકાનંદ જયંતી	13 પોષ સુદ-૪	14 મકરસંક્રાંતિ ધનુર્માસ સમાપ્ત	15 પોષ સુદ-૬ મકરસંક્રાંતિ પુણ્યકાળ	16 પોષ સુદ-૭	17 પોષ સુદ-૮
18 પોષ સુદ-૯ શ્રીહરિ જયંતી	19 પોષ સુદ-૧૦	20 પોષ સુદ-૧૧ પુત્રદા એકાદશી	21 પોષ સુદ-૧૨	22 પોષ સુદ-૧૩	23 પોષ સુદ-૧૪-૧૫ મુકુટોત્સન પૂનમ માઘસ્નાન પ્રારંભ	24 પોષ વદ-૧
25 પોષ વદ-૧	26 પોષ વદ-૨ પ્રજાસત્તાકદિન	27 પોષ વદ-૩	28 પોષ વદ-૪	29 પોષ વદ-૫	30 પોષ વદ-૬	31 પોષ વદ-૭

વ્રત ઉત્સવની વિગત

૧/૦૧/૨૦૧૬
સદ્. સીદ્ધાનંદ સ્વામી અ. વા.
૬/૦૧/૨૦૧૬
સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્ય દિન
સંવત્ ૧૮૫૮, ફરેણી

૧૪/૦૧/૨૦૧૬
ધનુર્માસ સમાપ્ત
૧૫/૧/૨૦૧૬
ભક્તરાજ દાદાખાચર અ. વા.

૧૭/૦૧/૨૦૧૬
જેતલપુરમા પ્રથમ યજ્ઞ સં. ૧૮૬૫
શ્રી ઈચ્છારામભાઈ અ.વા.સં.૧૮૮૩

૧૮/૦૧/૨૦૧૬
શ્રીહરિ જયંતિ ઉત્સવ
શ્રી સ્વા.ગુરુકુલ, અમદાવાદ
શ્રીનીલકંઠવર્ણી અભિષેક તથા
ઠાકોરજીનું રાજોપચાર પૂજન
૨૩/૦૧/૨૦૧૬
ડભાણમાં મહાયજ્ઞ સં. ૧૮૬૬

અધ્યાત્મનો ઉત્તમ અનુભવ ગુરુમુખીને જ થાય છે, મનમુખીને નહીં. - ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ

સમાચાર દર્શન

જળઝીલણી મહોત્સવ, દ્રોણેશ્વર ગુરુકુલ

ભારતવર્ષની ઉત્સવ પરંપરા અનોખી છે. શાસ્ત્રોમાં ચાતુર્માસ દરમિયાન સર્વ લૌકિક પ્રસંગોનો નિષેધ કરવામાં આવ્યો છે તથા અલૌકિક ઉત્સવોની હારમાળા સર્જી છે. ભજનભક્તિ અને ઉત્સવમય ચાતુર્માસના મધ્યાન્હે ભગવાનના ભક્તો માટે પરિવર્તિની એકાદશીનું અનેરુ મહત્વ છે. ક્ષીરસાગરમાં પોઢેલા ભગવાન આજરોજ પડખું ફેરવે છે. આ દિવસે ભક્તો ભગવાનને જળવિહાર કરાવે છે.

ગુરુકુલ પરિવાર દરવર્ષે અનેરા ઉત્સાહથી નાઘેરરાણી મચ્છુન્દ્રીના કિનારે હિલોળા લેતા જળમાં દ્રોણેશ્વર ગુરુકુલના પ્રાંગણમાં ભગવાનને જળમાં ઝીલાવી ભક્તિભાવ સાથે ઉત્સવ ઉજવે છે. આ વરસે પણ તારીખ ૨૪, સપ્ટેમ્બરના રોજ પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા સંતોના સાનિધ્યમાં ભવ્ય મહોત્સવ ઉજવાયો. સદ્‌ગુરુ સંતોના મુખે કથાવાર્તાનું શ્રવણ, ઠાકોરજીનો નૌકાવિહાર, વિવિધ નૃત્યો, ચાર આરતી વગેરે આયોજનો સાથે ઉજવાયેલા મહોત્સવમાં પંદર હજારથી પણ વધારે સંખ્યામાં ગુરુકુલ પરિવારના ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા અને ભારે ભક્તિભાવથી ઉજવાયેલા આ મહોત્સવને માણી ધન્યભાગી થયા હતા.

આ પ્રસંગે વડતાલ પીઠાધીશ્વર પરમ પૂજ્ય આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજે ફોન દ્વારા ભક્તજનોને આશીર્વાદ પાઠવ્યા હતા. આ ઉપરાંત અમેરિકા સત્સંગ વિચરણ કરતા પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ પણ આ પ્રસંગે ફોન દ્વારા ભક્તજનોને શુભાશીર્વાદ પાઠવ્યા હતા અને ડીસેમ્બર મહીનામાં આવતા મહાવિષ્ણુયાગ મહોત્સવમાં પધારવાનું આમંત્રણ પાઠવ્યું હતું.

જળઝીલણી મહોત્સવ ઉપક્રમે અમરેલી તથા ઉના જીલ્લાના ૮૦ જેટલા ગામોમાં ૨૦ સંતોએ વિચરણ કરી ભક્તજનોને કથા વાર્તાનો લાભ આપ્યો હતો.

સંવત્ ૨૦૭૨
પોષ - મહા

શ્રી સ્વા મિ ના રા ય ણો વિ જ ય તે ત રા મ્

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્
(SGVP) અમદાવાદ

2016 February

સોમ MON	મંગળ TUE	બુધ WED	ગુરુ THU	શુક્ર FRI	શનિ SAT	રવિ SUN
1 પોષ વદ-૮	2 પોષ વદ-૯	3 પોષ વદ-૧૦	4 પોષ વદ-૧૧ ષટ્તિલા એકાદશી	5 પોષ વદ-૧૨	6 પોષ વદ-૧૩	7 પોષ વદ-૧૪
8 પોષ વદ-૩૦ સોમવતી અમાવાસ્યા	9 મહા સુદ-૧ ચંદ્ર દર્શન	10 મહા સુદ-૨	11 મહા સુદ-૩	12 મહા સુદ-૪-૫ વસંત પંચમી	13 મહા સુદ-૬	14 મહા સુદ-૭
15 મહા સુદ-૮	16 મહા સુદ-૯ શ્રીહરિ જયંતી	17 મહા સુદ-૧૦	18 મહા સુદ ૧૧ જ્યા એકાદશી	19 મહા સુદ-૧૨	20 મહા સુદ-૧૩	21 મહા સુદ-૧૪
22 મહા સુદ-૧૫ મુકુટોત્સવ પૂનમ	23 મહા વદ-૧	24 મહા વદ-૨ શાસ્ત્રીજી મહારાજની ૨૮મી પુન્યતિથિ	25 મહા વદ-૩	26 મહા વદ-૪	27 મહા વદ-૪	28 મહા વદ-૫
29 મહા વદ-૬		www.swaminarayangurukul.org Email : gurukul@sgvp.org SwaminarayanGurukul GurukulParivar				2

વ્રત ઉત્સવની વિગત

૭/૦૨/૨૦૧૬
વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવના ગાદીપતિ ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજનો ગાદી અભિષેક-૨૦૫૯

૧૨/૦૨/૨૦૧૬
છારોડી, ગુરુકુલના પ્રાર્થના ભવનમાં ભગવાન શ્રી રામ, શ્યામ અને ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ, શિક્ષાપત્રી પૂજન, તથા શાકોત્સવ
સદ્. બ્રહ્માનંદ સ્વામી તથા
સદ્. નિષ્કુળાનંદ સ્વામીનો જન્મ

૧૫/૦૨/૨૦૧૬
સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીનો જન્મદિન સંવત્ ૧૮૩૭

૧૬/૦૨/૨૦૧૬
શ્રીહરિ જયંતિ ઉત્સવ
સ્વા.ગુરુકુલ, અમદાવાદ
શ્રીનીલકંઠવર્ણી અભિષેક તથા રાજોપચાર પૂજન દર્શન

૨૪/૦૨/૨૦૧૬
ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ પુન્યતિથિ

જરુર હોય તો જરુર લેવું... જરુર ન હોય તો જરાય ન લેવું...નહીં તો જરુરિયાત ઉભી થશે.

સફાઇ અભિયાન

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી દરવર્ષે ૨, ઓક્ટોબર ગાંધી જયંતિના રોજ ગુરુકુલ પરિવાર દ્વારા સફાઇ અભિયાનનું આયોજન કરવામાં આવે છે. એ અનુસંધાને આ વર્ષે પણ અમદાવાદ ગુરુકુલના વિસ્તારમાં સફાઇ કરવામાં આવી હતી.

આ સફાઇ અભિયાનમાં બસો જેટલા યુવાનો, વિદ્યાર્થીઓ તથા સંતોએ પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીના માગદર્શન પ્રમાણે અમદાવાદ ગુરુકુલના આજુબાજુના વિસ્તારોની સફાઇ કરી હતી. જોતજોતામા ગુરુકુલ રોડ, ડ્રાઇવ-ઇન રોડ તેમજ તેની સાઇડની તમામ નાની નાની શેરીઓ આભલા જેવી સ્વચ્છ થઇ ગઇ હતી. લગભગ પંદર ટ્રોલી કચરો ભેગો કરી યોગ્ય નિકાલ કર્યો હતો. આ ઉપરાંત દર્શનમ્ તથા SGVP ના વિદ્યાર્થીઓએ એ.જી. હાઇવે ઉપર સફાઇ કરી હતી.

હાર્દીક આમંત્રણ

વ્હાલા ભક્તો ! શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ છારોડી ખાતે આગામી ૨૩ થી ૨૭ ડીસેમ્બર દરમિયાન ઉજવાનાર સર્વજીવહિતાવહ ૧૦૦૮ કુંડી મહાવિષ્ણુયાગ મહોત્સવમાં અનેક ભક્તો તન-મન-ધનથી જોડાઈ સેવા કરી રહ્યા છે.

આ ભવ્ય મહાવિષ્ણુયાગમાં પાટલાઓની સેવા નોંધાવનાર ભક્તોનો આંક પંદરસોને પાર કરી ચૂક્યો છે. સ્વામિનારાયણ મહામંત્રનું અનુષ્ઠાન, વચનામૃતના ૧૦૮ પાઠ જેવા નિયમો ગ્રહણ કરી અનેક ભક્તો પણ યજ્ઞમહોત્સમાં જોડાયા છે. ત્યારે પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા સદ્‌ગુરુ સંતોએ સંકલ્પ કર્યો છે કે, અનુષ્ઠાન કરનારા ભક્તો તથા દાતાશ્રીઓની સાથે સાથે ગામડે ગામડે રહેલા ભગવાન શ્રી સ્વામિનારાયણના મંદિરના પૂજારીઓ પણ આ યજ્ઞમાં જોડાય અને આહુતિઓ આપે.

માટે દરેક ગામોના કાર્યકર્તા ભાઇઓને વિનંતી કરવામાં આવે છે કે, આ મહોત્સવ દરમિયાન મંદિરના પૂજારી ભક્તોને મંદિરમાં ઠાકોરજીની પૂજાની યોગ્ય ગોઠવણ કરી આ મહોત્સવનો લાભ અપાવે. યજ્ઞમાં ભાગ લેનાર પૂજારીઓએ કોઇ આર્થિક સહકાર આપવાની આવશ્યકતા નથી. એમણે ઠાકોરજીની ભાવથી સેવા કરી છે અને કરતા રહે એ જ એમનું યોગદાન છે.

સંપર્ક :- શાસ્ત્રી શ્રી ભક્તિવેદાંતદાસજી સ્વામી, મો. ૯૮૨૫૩ ૧૫૦૩૦
શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી, મો. ૯૯૭૯૮ ૮૦૩૬૫

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્
(SGVP) અમદાવાદ

સંવત્ ૨૦૭૨
મહા - ફાગણ

2016
March

સોમ MON	મંગળ TUE	બુધ WED	ગુરુ THU	શુક્ર FRI	શનિ SAT	રવિ SUN
	1 મહા વદ-૭	2 મહા વદ-૮	3 મહા વદ-૯	4 મહા વદ-૧૦	5 મહા વદ-૧૧ વિજયા એકાદશી	6 મહા વદ-૧૨
7 મહા વદ-૧૩ મહાશિવરાત્રી	8 મહા વદ-૧૪ દર્શ અમાવાસ્યા	9 મહા વદ-૩૦-૧ અમાસ	10 ફાગણ સુદ-૨ ચંદ્રદર્શન	11 ફાગણ સુદ-૩ અમદાવાદ નરનારાયણ દેવોનો પાટોત્સવ	12 ફાગણ સુદ-૪	13 ફાગણ સુદ-૫ દ્રોણેશ્વર ગુરુકુલ પ્રથમ પાટોત્સવ
14 ફાગણ સુદ-૬	15 ફાગણ સુદ-૭ હોળાષ્ટક પ્રારંભ	16 ફાગણ સુદ-૮	17 ફાગણ સુદ-૯ શ્રીહરિ જયંતી	18 ફાગણ સુદ-૧૦	19 ફાગણ સુદ-૧૧ આમલકી એકાદશી	20 ફાગણ સુદ-૧૨
21 ફાગણ સુદ-૧૩	22 ફાગણ સુદ-૧૪ હોળીકાદહન	23 ફાગણ સુદ-૧૫ મુકુટોત્સવ પૂનમ, ધુળેટી શ્રીનરનારાયણદેવ જયંતી	24 ફાગણ વદ-૧	25 ફાગણ વદ-૨ ગુડફાઇડે	26 ફાગણ વદ-૩	27 ફાગણ વદ-૪
28 ફાગણ વદ-૫	29 ફાગણ વદ-૬	30 ફાગણ વદ-૬	31 ફાગણ વદ-૭	www.swaminarayangurukul.org Email : gurukul@sgvp.org SwaminarayanGurukul GurukulParivar		3

વ્રત ઉત્સવની વિગત

૭/૦૩/૨૦૧૬
અમદાવાદ ગુરુકુલમાં સાંજે
શિવજીનું રાજોપચાર પૂજન-સંકીર્તન

૧૦/૦૩/૨૦૧૬
શ્રીહરિકૃષ્ણ મહારાજ પાટોત્સવ, ભૂજ

૧૩/૦૩/૨૦૧૬
હરિકૃષ્ણ મહારાજ પાટોત્સવ-ગઢપુર
દ્રોણેશ્વર ગુરુકુલ, ભગવાન શ્રીહરિ
તથા કષ્ટભંજન દેવનો પ્રથમ પાટોત્સવ

૧૫/૦૩/૨૦૧૬
આ. અયોધ્યાપ્રસાદજી મહારાજનો અ.વા.

૧૭/૦૩/૨૦૧૬
શ્રીહરિ જયંતિ ઉત્સવ
સ્વા.ગુરુકુલ, અમદાવાદ
શ્રી નીલકંઠવર્ણી અભિષેક તથા
રાજોપચાર પૂજન દર્શન

૧૮/૦૩/૨૦૧૬
શ્રી ઘનશ્યામ મહારાજ યજ્ઞોપવિત
સંસ્કાર સં. ૧૮૪૫, અયોધ્યા

૨૩/૦૩/૨૦૧૬
શ્રી નરનારાયણ દેવ પ્રાગટ્યોત્સવ
અમદાવાદ ગુરુકુલમાં પુષ્પદોલોત્સવ

અવસર ઉત્તમ સાંપડ્યો, મહામુલો કહેવાય; સહજમાં સરકી જશે, પકડ્યો નહીં પકડાય

શ્રદ્ધાપર્વ

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે અનેક જીવોના શ્રેય અને પ્રેય માટે સ્થાપેલ ગુરુકુલ પરંપરામાં અનેક જીવો મોક્ષમાર્ગે આગળ વધે છે. સાથે સાથે નાના નાના બાળકોમાં સંસ્કારોનું રોપણ થાય એ માટે અનેક આયોજનો કરવામાં આવે છે. આજથી લગભગ ૪૫ વર્ષ પહેલા પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ શ્રીજી મહારાજનું શ્રાદ્ધ ઉજવવાની શરુઆત કરાવેલી. જેમાં વર્તમાન કાળે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પોતાના સ્વખર્ચના રૂપિયામાંથી સ્વેચ્છાએ યોગદાન આપે અને ઠાકોરજીના થાળ, સંતો, ભક્તો, વિદ્યાર્થીઓને રસોઈ તથા વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓના ઘડતરમાં સહયોગ આપનારા શિક્ષકો, ડૉક્ટર મિત્રો તથા અન્ય સેવકોને ભોજન-પ્રસાદ કરાવવામાં આવે. આ ઉત્સવને પૂજ્ય સ્વામીજીએ શ્રદ્ધાપર્વ નામ આપ્યું છે.

આ વર્ષે SGVP તેમજ અમદાવાદ ખાતે ધામધૂમથી શ્રદ્ધાપર્વ ઉજવવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ખૂબ જ સારું યોગદાન આપીને સંતોનો રાજીપો મેળવ્યો હતો. વિશેષ યોગદાન આપનારા વિદ્યાર્થીઓને સંતોએ મોમેન્ટો અર્પણ કરી શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

SGVP ટ્રોફી -5

SGVP દ્વારા દર વર્ષે સ્કુલના બાળકોમાં ક્રિકેટ કૌશલ્ય ખીલે એવા આશયથી SGVP ટ્રોફી રમાડવામાં આવે છે. આ વર્ષે પણ U-15 અને U-17 એમ બે કેટેગરીમાં SGVP ટ્રોફી ક્રિકેટ ટૂર્નામેન્ટ રમાઈ. જેમાં મોરાજાબાદ(યુ.પી.), ઉદયપુર, પાલનપુર, ડીસા, નડીયાદ, ભરુચ, સુરત, રાજકોટ, અમદાવાદ વગેરે શહેરોની ૩૦ સ્કુલોના વિદ્યાર્થીઓ રમવા આવ્યા હતા.

લેધરબૉલ સાથે રમાએલ આ ટૂર્નામેન્ટમાં વિજેતાઓને ૫૦,૦૦૦ થી વધુ રકમના ઈનામો આપવામાં આવ્યા હતા.

વિદ્યાસહાય

અખંડ ભગવદ્ પરાયણ પરમ પૂજ્ય જોગીસ્વામીની પવિત્ર સ્મૃતિમાં

શ્રી અચરતબહેન ધીરજલાલ મહેતલીયા વિદ્યાસહાય યોજના

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ દ્વારા પ્રવર્તીત સર્વજીવ હિતાવહ સંદેશાઓને અનુલક્ષીને અનેક સેવાકાર્યો થઈ રહ્યા છે. આ સેવા કાર્યોમાં વધુ એક પુષ્પ ઉમેરાતા પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય ઉપાસક ગઢાળી નિવાસી આંબા શેઠના વંશજ બળવંતભાઈ ધીરજલાલ મહેતલીયા તરફથી **'શ્રી અચરતબહેન ધીરજલાલ મહેતલીયા વિદ્યા સહાય યોજના'** શરુ કરવામાં આવી છે. આર્થિક રીતે ગરીબ પરિવારના હોંશીયાર વિદ્યાર્થીઓ આઈ.ટી., મેડીકલ તથા એન્જિન્યરીંગનો ઉચ્ચ અભ્યાસ કરવા માંગતા હોય તેઓને વગર વ્યાજે લોન સ્વરુપમાં વિદ્યા સહાય આપવામાં આવે છે. આ વિદ્યાસહાય યોજનાનો અનેક વિદ્યાર્થીઓ લાભ લઈ ઉચ્ચ અભ્યાસ કરે છે.

સંતોના હસ્તે વિદ્યાસહાયના ચેક સ્વીકારતા કોલેજના વિદ્યાર્થીઓ

વિદ્યાસહાય મેળવવા ઇચ્છનારે કાર્યાલયમાં સંપર્ક કરવો.
મો. ૯૯૨૫૧ ૦૦૯૪૪, ફો. નં. (૦૨૭૧૭) ૨૪૨૯૯૧

શ્રી સ્વા મિ ના રા ય ણો વિ જ ય તે ત રા મ્

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્
(SGVP) અમદાવાદ

સંવત્ ૨૦૭૨
ફાગણ - ચૈત્ર

2016
April

સોમ MON	મંગળ TUE	બુધ WED	ગુરુ THU	શુક્ર FRI	શનિ SAT	રવિ SUN
4		www.swaminarayangurukul.org Email : gurukul@sgvp.org SwaminarayanGurukul GurukulParivar		1 ફાગણ વદ-૮	2 ફાગણ વદ-૯	3 ફાગણ વદ-૧૦-૧૧
4 ફાગણ વદ-૧૨ પાપમોચની એકાદશી	5 ફાગણ વદ-૧૩	6 ફાગણ વદ-૧૪	7 ફાગણ વદ-૩૦ દર્શ અમાવાસ્યા	8 ચૈત્ર સુદ-૧ ચંદ્ર દર્શન	9 ચૈત્ર સુદ-૨-૩ મત્સ્ય જયંતી	10 ચૈત્ર સુદ-૪
11 ચૈત્ર સુદ-૫	12 ચૈત્ર સુદ-૬	13 ચૈત્ર સુદ-૭	14 ચૈત્ર સુદ-૮	15 ચૈત્ર સુદ-૯ શ્રીરામ, શ્રીહરિ જયંતી	16 ચૈત્ર સુદ-૧૦	17 ચૈત્ર સુદ-૧૧ કામદા એકાદશી
18 ચૈત્ર સુદ-૧૨ વામન જયંતી	19 ચૈત્ર સુદ-૧૩ મહાવિર જયંતી	20 ચૈત્ર સુદ-૧૪	21 ચૈત્ર સુદ-૧૪	22 ચૈત્ર સુદ-૧૫ મુકુટોત્સવ પૂનમ હનુમાન જયંતી	23 ચૈત્ર વદ-૧	24 ચૈત્ર વદ-૨
25 ચૈત્ર વદ-૩	26 ચૈત્ર વદ-૪	27 ચૈત્ર વદ-૫	28 ચૈત્ર વદ-૬	29 ચૈત્ર વદ-૭ રણછોડરાયનો પાટોત્સવ, વડ.	30 ચૈત્ર વદ-૮	

વ્રત ઉત્સવની વિગત

૧/૦૪/૨૦૧૬
જેતલપુર દેવોનો પાટોત્સવ

૧૫/૦૪/૨૦૧૬
સ્વા.ગુરુકુલ, અમદાવાદ
સવારે :- શ્રીહરિ જયંતિ ઉત્સવ
શ્રીનીલકંઠવર્ણી અભિષેક
રાજોપચાર પૂજન દર્શન
ભગવાન શ્રી રામચંદ્રજી
પ્રાગટ્યોત્સવ
રાત્રે ૧૦:૧૦ કલાકે :-
ભગવાન શ્રી સ્વામિનારાયણ
પ્રાગટ્યોત્સવ

૨૨/૪/૨૦૧૬
ઠાકોરજીને પારણેથી ઉતારવા

કોઇ નથી રહ્યા ! કોઇ નથી રહેવાના ! જવાનું છે, તેની તૈયારી કરો... તેનું નામ ભક્તિ

સત્સંગયાત્રા, અમેરિકા

સત્સંગ સભા સવાના

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી અમેરિકા ખાતેના વિચરણ દરમિયાનના સંતમંડળ સાથે સવાના પધાર્યા હતા. સવાના ખાતે બે દિવસની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં સ્વામીશ્રીએ હિન્દુ ધર્મના વિવિધ પ્રતિકોની સમજણ આપી હતી તથા ભગવાનના અવતાર અને અર્ચાસ્વરૂપનો મહિમા સમજાવ્યો હતો. સ્વામીશ્રીએ જણાવ્યું હતું કે, દુનિયામાં ઘણા ધર્મો છે. જેમાં હિન્દુઓ અવતારો અને મૂર્તિપૂજામાં માને છે. શીખોમાં ગ્રંથ સાહેબની મૂર્તિની પેઠે જ આરાધના કરવામાં આવે છે. જૈન અને બૌધ ધર્મમાં પણ ભક્તિભાવથી તથાગતો અને તીર્થંકરોનું પૂજન કરવામાં આવે છે.

સવાના ખાતે બે દિવસની શિબિરમાં ભક્તજનોને અપાર આનંદ થયો હતો અને એમની જિજ્ઞાસાઓનું સમાધાન થયું હતું. શિબિર દરમિયાન પાર્ષદ શ્રી ઘનશ્યામ ભગતે સંકીર્તન સરિતા વહાવીને સર્વને રસતરબોળ કર્યા હતા. શ્રી વેદાંત સ્વામીએ સભાનું સુંદર સંચાલન કર્યું હતું. આ શિબિરના યજમાનપદે ખાંધલીના શ્રી મહેન્દ્રભાઈ પટેલ તથા તેમના સુપુત્રો શ્રી નિખિલકુમાર તથા ગૌરવ રહ્યા હતા. શ્રી પ્રકાશભાઈ પટેલની યુવાન ભાઈ-બહેનોની ટીમે આયોજનને સફળ બનાવવા માટે ઉત્સાહથી સેવા બજાવી હતી.

પૂજ્ય સ્વામીજીના દર્શને પ્રસિદ્ધ બાસ્કેટ બોલ પ્લેયર

પંજાબ પ્રાંતના સુપ્રસિદ્ધ બાસ્કેટબૉલ પ્લેયર શ્રી સતનામસિંહ પોતાના મિત્ર મહેન્દ્ર સાવલિયાને સાથે લઈને શ્રી હીરાભાઈ સુતરિયાના નિવાસ સ્થાને પૂજ્ય સ્વામીજીના દર્શને આવ્યા હતા. સતનામસિંહ પંજાબના બરનાલા શહેર પાસેના નાનકડાં ગામમાં ખેડુત પરિવારમાં જન્મેલા છે. ઉંમર માત્ર ૧૯ વર્ષ છે. ઉંચાઈ પૂરી સાત ફૂટ અને બે ઇંચ છે. બાસ્કેટબૉલના નેશનલ ખેલાડી છે. આનંદ અને આશ્ચર્યની વાત એ છે કે અમેરિકા ખાતેની સુપ્રસિદ્ધ ડલાસ મેવરિક બાસ્કેટબૉલ ટીમમાં તેઓ એકમાત્ર ભારતીય પસંદગી પામ્યા છે અને આખરે નેશનલ બાલ્કેટબૉલ અમેરિકાએ એમની નેશનલ લેવલે પસંદગી કરી છે. આ રીતે સતનામસિંહે અમેરિકામાં ભારતનું નામ રોશન કરેલ છે. આ રીતે પસંદગી પામનાર તેઓ પહેલા ભારતીય ખેલાડી છે. તેમનું નામ અમેરિકાના ખેલજગતમાં આજે ભારે પ્રસિદ્ધ છે.

સ્વામીશ્રી માધવપ્રિયદાસજીએ સતનામસિંહજીને તુલસીની માળા પહેરાવીને સમસ્ત અમેરિકામાં ભારતનું નામ રોશન કરવા બદલ આશીર્વાદ અને અભિનંદન આપ્યા હતા અને હજુ વિશેષ આગળ વધવા પ્રેરણા આપી હતી. સાથોસાથ **SGVP** ગુરુકુલના સ્પોર્ટસ્ સેન્ટરની મુલાકાત લઈને યુવાખેલાડીઓને માર્ગદર્શન આપવા પધારવા આમંત્રણ આપ્યું હતું. સતનામસિંહે ભારે આદર સાથે સ્વામીશ્રીને વંદન કરીને આમંત્રણનો સ્વીકાર કર્યો હતો. આ પ્રસંગે શ્રી હીરાભાઈ સુતરિયા તથા કિરીટભાઈ પટેલ પણ સ્વામીશ્રી સાથે જોડાયા હતા. સ્વામીશ્રીના દર્શન કરાવવા બદલ મહેન્દ્ર સાવલિયાનો આભાર માન્યો હતો.

સંવત ૨૦૭૨
ચૈત્ર - વૈશાખ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્
(SGVP) અમદાવાદ

2016
May

સોમ MON	મંગળ TUE	બુધ WED	ગુરુ THU	શુક્ર FRI	શનિ SAT	રવિ SUN
30 વૈશાખ વદ-૯	31 વૈશાખ વદ-૧૦		5			1 ચૈત્ર વદ-૯
2 ચૈત્ર વદ-૧૦	3 ચૈત્ર વદ-૧૧ વરૂથિની એકાદશી	4 ચૈત્ર વદ-૧૨	5 ચૈત્ર વદ-૧૩-૧૪	6 ચૈત્ર વદ-૩૦ દર્શ અમાવાસ્યા	7 વૈશાખ સુદ-૧	8 વૈશાખ સુદ-૨ ચંદ્ર દર્શન
9 વૈશાખ સુદ-૩ અક્ષયતૃતીયા,પરશુરામ જયંતી	10 વૈશાખ સુદ-૪	11 વૈશાખ સુદ-૫ ભુજ શ્રીનરનારાયણ દેવનો પાટો.	12 વૈશાખ સુદ-૬ રામાનુજાચાર્ય જયંતી	13 વૈશાખ સુદ-૭	14 વૈશાખ સુદ-૮	15 વૈશાખ સુદ-૯ શ્રીહરિ જયંતી
16 વૈશાખ સુદ-૧૦	17 વૈશાખ સુદ-૧૧ મોહિની એકાદશી	18 વૈશાખ સુદ-૧૨	19 વૈશાખ સુદ-૧૩ ધોલેરાના દેવોનો પાટો.	20 વૈશાખ સુદ-૧૪ નૃસિંહ જયંતી મુકુટોત્સવ પૂનમ	21 વૈશાખ સુદ-૧૫ બુદ્ધ જયંતી	22 વૈશાખ વદ-૧
23 વૈશાખ વદ-૨ જુનાગઢના દેવનો પાટો.	24 વૈશાખ વદ-૩	25 વૈશાખ વદ-૩	26 વૈશાખ વદ-૪	27 વૈશાખ વદ-૫	28 વૈશાખ વદ-૬	29 વૈશાખ વદ-૭-૮

વ્રત ઉત્સવની વિગત

૩/૫/૨૦૧૬
શ્રી વલ્લભાચાર્ય જયંતી
શ્રી પરશુરામ જયંતી
ઠાકોરજીને ચંદનના વાઘા ધરાવવા
શ્રી ઈચ્છારામભાઈનો જન્મ
સં. ૧૮૪૨

૧૧/૫/૨૦૧૬
શ્રી નરનારાયણદેવ પાટો.ભૂજ-કચ્છ
૧૫/૦૫/૨૦૧૬
શ્રીહરિ જયંતિ ઉત્સવ
સ્વા.ગુરુકુલ, અમદાવાદ
શ્રીનીલકંઠવર્ણી અભિષેક તથા
રાજોપચાર પૂજન દર્શન

૧૯/૫/૨૦૧૬
શ્રી મદનમોહનજજી મહારાજનો
પાટોત્સવ સં. ૧૮૮૨

૮/૫/૨૦૧૬
પૂજ્ય જોગી સ્વામીનો
જન્મદિન

ભગવાનના સંતને વિષે વિશ્વાસ રાખે તો એનો અવિવેક ટળી જાય છે અને સત્સંગમાં મોટપને પામે છે. - વચનામૃત

સત્સંગ સભા, ટેમ્પા

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી અમેરિકા ખાતેના વિચરણ દરમિયાન સંતમંડળ સાથે ટેમ્પા પધાર્યા હતા. ટેમ્પામાં ડૉ. શ્રી નૈષધભાઈ માંડલિયા તથા ડૉ. શ્રી જેરામભાઈ કણકોટિયા વગેરે ભક્તજનોએ જાહેર સત્સંગસભાનું આયોજન કર્યું હતું.

આ પ્રસંગે પૂજ્ય સ્વામીશ્રીએ ભક્તજનોને ઉદ્દેશીને ઉપનિષદ્, ભગવદ્ગીતા અને વચનામૃતનો મહિમા સમજાવ્યો હતો. સ્વામીશ્રીએ જણાવ્યું હતું કે, વચનામૃતને સાંપ્રદાયિક ગ્રંથ ગણી શકાય નહીં. વચનામૃત સર્વ મુમુક્ષુઓ માટે અધ્યાત્મમાર્ગનો ભોમિયો છે. વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે સંતો અને ભક્તો સાથે સુંદર પ્રશ્નોત્તરી કરેલી છે. જેમાંથી મુમુક્ષુઓને મોક્ષમાર્ગે સેંકડો પ્રશ્નોના સમાધાન મળે છે. એક દૃષ્ટિએ જોઈએ તો વચનામૃત અભણ લોકો માટે સરળ અને વિદ્વાનો માટે ગહન ગ્રંથ છે.

આ સત્સંગ સભામાં ટેમ્પાના ભાવિક ભાઈ-બહેનોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. શ્રી ઘનશ્યામભાઈ બોરડ, શ્રી શ્રેયાંસ માંડલિયા, શ્રી મુકેશ પટેલ, શ્રી વિજય સોલંકી વગેરે ઉત્સાહી ભાઈ-બહેનોએ ભોજનપ્રસાદ વગેરે સર્વ સેવાઓ ઉત્સાહથી ઉઠાવી લીધી હતી. પાર્ષદશ્રી ઘનશ્યામ ભગતે સુંદર કિર્તનોનું રસપાન કરાવ્યું હતું. શ્રી વેદાંતસ્વામીએ સભા સંચાલન કર્યું હતું.

ટેમ્પાથી સ્વામીશ્રી ઓરલાંડો પધાર્યા હતા. અહીં ડૉ. શ્રી કાંતિભાઈ ભલાનીએ સત્સંગસભાનું આયોજન કર્યું હતું.

સત્સંગ સભા, ડલાસ

પૂજ્ય સ્વામીજી સંતમંડળ સાથે ડલાસ પધાર્યા હતા. ડલાસમાં શ્રી હીરાભાઈ સુતરિયા, શ્રી અમિત રાજપરા તથા શ્રી ધીરુભાઈ બાધીવાલા વગેરે સમસ્ત બાધીવાલા પરિવારના યજમાનપદે સત્સંગ સભાનું આયોજન થયું હતું. આ સત્સંગસભામાં પૂજ્ય સ્વામીશ્રીએ વિવિધ વિષયો ઉપર વ્યાખ્યાનો આપ્યા હતા. આ પ્રસગે ડૉ. સામજીભાઈ, જગજીવનભાઈ, કાનજીભાઈ, નાગજીભાઈ, ગગજીભાઈ વગેરે બાધીવાલા પરિવાર તથા શ્રી વિઠ્ઠલભાઈ દીઓરા, શરદ કાબરિયા, કાળુભાઈ રામાણી, અતુલભાઈ પટેલ, હસમુખભાઈ સાવલિયા, બાલુભાઈ, કે.બી. સાવલિયા, વી. મુલાણી વગેરે ભક્તોએ આ કાર્યને સફળ કરવા સારો સહકાર આપ્યો હતો. ખાસ કરીને બહેનોએ મહાપ્રસાદ વગેરે સર્વ સેવા ઉપાડી લીધી હતી.

હ્યુસ્ટન ખાતે ડૉ. ભાગવતભાઈ તથા બાલુભાઈ શેલડિયા, રમેશભાઈ શેલડિયા વગેરે ભક્તોએ સત્સંગનું આયોજન કર્યું હતું. ઓસ્ટીન ખાતે ગુણવંતભાઈ ગજેરા, લલિતભાઈ સતાસિયા, કનુભાઈ, કાંતિભાઈ, ચતુરભાઈ, ઘનશ્યામભાઈ તથા અરવિંદભાઈ છોડવડિયા વગેરે ભક્તોએ સત્સંગસભાનું આયોજન કર્યું હતું.

ઓસ્ટીન ખાતે સ્વામીજી શ્રી સ્વામિનારાયણ મંદિરે દર્શને પધાર્યા હતા અને દુષ્યંતભાઈ વગેરે ભક્જનોએ સ્વામીજીનું સ્વાગત કર્યું હતું.

સંવત્ ૨૦૭૨
વૈશાખ - જેઠ

શ્રી સ્વા મિ ના રા ય ણો વિ જ ય તે ત રા મ્

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્
(SGVP) અમદાવાદ

2016 June

સોમ MON	મંગળ TUE	બુધ WED	ગુરુ THU	શુક્ર FRI	શનિ SAT	રવિ SUN
www.swaminarayangurukul.org Email : gurukul@sgvp.org SwaminarayanGurukul GurukulParivar		1 વૈશાખ વદ-૧૧ અપરા એકાદશી	2 વૈશાખ વદ-૧૨	3 વૈશાખ વદ-૧૩	4 વૈશાખ વદ-૧૪ દર્શ અમાવાસ્યા	5 વૈશાખ વદ-૩૦-૧ અમાસ
6 જેઠ સુદ-૨ ચંદ્ર દર્શન	7 જેઠ સુદ-૩	8 જેઠ સુદ-૪	9 જેઠ સુદ-૫	10 જેઠ સુદ-૬	11 જેઠ સુદ-૭	12 જેઠ સુદ-૮
13 જેઠ સુદ-૯ શ્રીહરિજયંતી	14 જેઠ સુદ-૧૦ શ્રીહરિ અંતર્ધાન લીલા	15 જેઠ સુદ-૧૦	16 જેઠ સુદ-૧૧ ભીમ એકાદશી	17 જેઠ સુદ-૧૨	18 જેઠ સુદ-૧૩	19 જેઠ સુદ-૧૪
20 જેઠ સુદ-૧૫ મુકુટોત્સવ પૂનમ	21 જેઠ વદ-૧	22 જેઠ વદ-૨	23 જેઠ વદ-૩	24 જેઠ વદ-૪	25 જેઠ વદ-૫	26 જેઠ વદ-૬
27 જેઠ વદ-૭	28 જેઠ વદ-૮	29 જેઠ વદ-૯-૧૦	30 જેઠ વદ-૧૧		6	

વ્રત ઉત્સવની વિગત

૧૩/૦૬/૨૦૧૬
સ્વા.ગુરુકુલ, અમદાવાદ
શ્રીનીલકંઠવર્ણી અભિષેક
તથા ઘનશ્યામ મહારાજ રાજોપચાર
પૂજન દર્શન

૧૪/૦૬/૨૦૧૬
ભગવાન શ્રી સ્વામિનારાયણે મધ્યાહ્ને
સ્વતંત્રપણે સ્વધામગમન કર્યું.
સંવત્ ૧૮૮૬, ગઢપુર
- સદ્. બ્રહ્માનંદ સ્વામીનો અક્ષરવાસ

૧૬/૦૬/૨૦૧૬
આદિ આ. શ્રી અયોધ્યાપ્રસાદજી
મહારાજ પ્રાગટ્ય દિન

૨૩/૦૬/૨૦૧૬
શ્રી ધર્મદેવનો અક્ષરવાસ
સં. ૧૮૪૮

પાંચ દશવાર સ્વામિનારાયણ, સ્વામિનારાયણ નામ જાણ્યે અજાણ્યે લેશે તેનું પણ આપણે કલ્યાણ કરવું પડશે. - સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામી

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદ આયોજીત
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ - દ્રોણેશ્વર મુકામે

સત્સંગ સાધના શિબિર

પ.પૂ. ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

તા. ૧૪/૧૧/૧૫, શનિવાર, કારતક સુદ - ૩ થી
તા. ૧૬/૧૧/૧૫, સોમવાર,
લાભ પાંચમ

સમય
દરરોજ સવારે
૦૯:૦૦ થી સાંજે ૬:૦૦ સુધી

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીથી માંડી ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પૂજ્ય પુરાણી સ્વામી, પૂજ્ય જોગી સ્વામી વગેરે સંતોના સત્સંગથી નવપલ્લવિત નાઘેરમાં નૂતન વર્ષના નવલા દિવસોમાં ભક્તજનો માટે અનેરો અવસર

સાનિધ્ય

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

આશીર્વાદ

પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી

પ્રેરણા

પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

પ.પૂ.સદ્‌.પુ. શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી

પ.પૂ.સદ્‌.પુ. શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

વિશેષ માહિતી માટે સંપર્ક

પૂજ્ય કોઠારી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી : ૯૮૭૯૦૦૦૯૫૧
પૂજ્ય શ્રી નરનારાયણદાસજી સ્વામી : ૯૯૦૯૯૭૭૭૨૬

: નોંધ :

- સત્સંગ શિબિર દરમિયાન ભક્તજનોએ ઉતારાની વ્યવસ્થા પોતાની રીતે જ કરવાની રહેશે.
- સત્સંગ શિબિર દરમિયાન ભક્તજનો માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા ગુરુકુલમાં જ રાખવામાં આવશે.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદ

સંવત્ ૨૦૭૨
જેઠ - અષાઢ

2016
July

સોમ MON	મંગળ TUE	બુધ WED	ગુરુ THU	શુક્ર FRI	શનિ SAT	રવિ SUN
7		www.swaminarayangurukul.org Email : gurukul@sgvp.org SwaminarayanGurukul GurukulParivar		1 જેઠ વદ-૧૨ યોગિની એકાદશી	2 જેઠ વદ-૧૩	3 જેઠ વદ-૧૪
4 જેઠ વદ-૩૦ સોમવતી અમાસ	5 અષાઢ સુદ-૧ ચંદ્ર દર્શન	6 અષાઢ સુદ-૨ રથયાત્રા	7 અષાઢ સુદ-૩	8 અષાઢ સુદ-૪	9 અષાઢ સુદ-૫	10 અષાઢ સુદ-૬
11 અષાઢ સુદ-૭	12 અષાઢ સુદ-૮	13 અષાઢ સુદ-૯ શ્રીહરિજયંતી	14 અષાઢ સુદ-૧૦	15 અષાઢ સુદ-૧૧ દેવશયની એકાદશી	16 અષાઢ સુદ-૧૨	17 અષાઢ સુદ-૧૩
18 અષાઢ સુદ-૧૪	19 અષાઢ સુદ-૧૫ મુકુટોત્સવ પૂનમ-ગુરુપૂર્ણિમા	20 અષાઢ વદ-૧	21 અષાઢ વદ-૨ હિંડોળા પ્રારંભ	22 અષાઢ વદ-૩	23 અષાઢ વદ-૪	24 અષાઢ વદ-૫
25 અષાઢ વદ-૬	26 અષાઢ વદ-૭	27 અષાઢ વદ-૮	28 અષાઢ વદ-૯	29 અષાઢ વદ-૧૦	30 અષાઢ વદ-૧૧ કામીકા એકાદશી	31 અષાઢ વદ-૧૨-૧૩

વ્રત ઉત્સવની વિગત

૬/૭/૨૦૧૬
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના સંસ્થાપક સદ્વિદ્યા સદ્ધર્મરક્ષક પ.પૂ.ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીનો જન્મદિન

૯/૭/૨૦૧૬
વાત્સલ્યમૂર્તિ પૂજ્ય પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામીનો અક્ષરવાસ (અષાઢ સુદ : ૫)

૧૦/૭/૨૦૧૬
પૂજ્ય મુગટ સ્વામી શ્રી નિરન્નમુક્તદાસજી સ્વામીનો અક્ષરવાસ (અષાઢ સુદ : ૯)

૧૩/૭/૨૦૧૬
શ્રીહરિ જયંતિ ઉત્સવ શ્રી સ્વા.ગુરુકુલ, અમદાવાદ શ્રીનીલકંઠવર્ણી અભિષેક તથા ઠાકોરજીનું રાજોપચાર પૂજન

૨૯/૭/૨૦૧૬
વચનામૃત લેખન સમાપ્ત(સં.૧૮૮૬)

ઊંચે ઊંચે સબ ચલે, નીચા ચલે ન કોય; તુલસી નીચા જો ચલે, ધ્રુવ સે ઊંચા હોય.

શ્રદ્ધાસુમન

સ્વામી શ્રી દયાનંદ સરસ્વતીજી મહારાજ :-

હિન્દુ ધર્મ આચાર્ય સભાના પ્રણેતા સ્વામી શ્રી દયાનંદ સરસ્વતીજી મહારાજ દિવંગત થતાં ભારતવર્ષે ધાર્મિક જગતના તેમજ વિશ્વના એક મહાન સંત ગુમાવ્યા છે. સમગ્ર **SGVP** ગુરુકુલ પરિવાર પૂજ્ય સ્વામી દયાનંદ સરસ્વતીજી મહારાજના દિવ્ય આત્મા માટે પ્રાર્થના કરે છે.

પૂજ્ય સ્વામીજીએ હિન્દુ ધર્મ આચાર્ય સભાના નેજા હેઠળ સનાતન ધર્મના બધા સંપ્રદાયોને સંગઠિત કરવાનું મહાન કાર્ય કર્યું છે. ધર્મ અને સમાજના વિવિધ ક્ષેત્રમાં સ્વામીજીની ઉંડી અને દીર્ઘ સૂજબૂજ હતી, જે તેમના કાર્યમાં પ્રતિબિંબિત થાય છે. પૂજ્ય સ્વામીજીની શૈક્ષણિક પ્રવૃત્તિઓ ફક્ત અધ્યાત્મ માર્ગના મુમુક્ષુઓ પૂરતી જ મર્યાદિત નહોતી, પરંતુ સમાજના વિવિધ ભાગો-વિભાગોએ તેમના દ્વારા રચિત શૈક્ષણિક માળખાઓ દ્વારા વૈદિક જ્ઞાનનો લાભ લીધો છે.

AIM For SEVA ના નેજા હેઠળ તેઓશ્રીએ દૂર દૂરના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં પણ સ્વાસ્થ્ય અને શિક્ષણ ક્ષેત્રે બહોળું કાર્ય કર્યું છે. સ્વામીજીએ હિન્દુ સનાતન ધર્મના પ્રચાર પ્રસાર માટે ઘણા વિદ્વાનો અને સન્યાસીઓ-સન્યાસિનીઓને તૈયાર કર્યા છે.

પૂજ્ય સ્વામીજીને ગુરુવર્ય માધવપ્રિયદાસજી સ્વામી સાથે ખૂબ લાગણી હતી. અવારનવાર તેઓ **SGVP** પધારતા અને ગુરુકુલની પ્રવૃત્તિ જોઈ ખૂબ રાજી થતા. આવા મહાન સંતને સમગ્ર ગુરુકુલ પરિવાર ભાવભરી શ્રદ્ધાંજલી અર્પણ કરે છે.

ગુરુકુલમાં રસોઇ

અમદાવાદ ગુરુકુલ

પ.ભ. શ્રી મનિશભાઈ પી. પરમાર, અમદાવાદ
પ.ભ. શ્રી કૃણાલભાઈ પ્રવિણભાઈ કામલિયા, રાંચી
પ.ભ. શ્રી બલભદ્રસિંહ દિલીપસિંહ ચુડાસમા, ગાંધીનગર
પ.ભ. શ્રી દીપેશભાઈ પ્રમોદભાઈ ગજેરા, અમદાવાદ
પ.ભ. શ્રી રતીલાલ કેશવલાલ વિકલાની, અમદાવાદ
પ.ભ. શ્રી જેન્તીભાઈ શંભુભાઈ ચોવટિયા, અમદાવાદ
પ.ભ. શ્રી ભાવિનભાઈ પટેલ, અમદાવાદ

છારોડી ગુરુકુલ

પ.ભ. શ્રી વિશાલભાઈ ચતુર્ભુજભાઈ છત્રોલા, અમદાવાદ
પ.ભ. શ્રી માણેકભાઈ પટેલ, વિસતપુરા
પ.ભ. શ્રી મહેન્દ્રભાઈ ભીખાભાઈ ધંધુકિયા, દુબઈ
પ.ભ. શ્રી ભાવેશ જે. પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી પ્રકાશભાઈ દવે, દુબઈ
પ.ભ. શ્રી જયકુમાર કમલેશભાઈ પટેલ, પુંસરી
પ.ભ. શ્રી માલેકભાઈ ચતુરભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી રવજીભાઈ હીરાણી, લંડન
પ.ભ. શ્રી કાંતિભાઈ લવજીભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ.શ્રી જીતેશભાઈ પ્રમોદભાઈ ગજેરા, અમદાવાદ
પ.ભ. શ્રી પરબતભાઈ સમજુભાઈ રાઠોડ, અમદાવાદ
પ.ભ. શ્રી બ્રિજેન દિલીપભાઈ કાપડિયા, રાજકોટ

આગામી આયોજન

તા. ૧/૧૧/૧૫, રવિવાર : **સુહૃદ સભા:** શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ છારોડી, સાંજે ૫:૩૦ કલાકે.

તા. ૭ થી ૧૧ દીપોત્સવ : દરરોજ કીર્તનભક્તિ : સવારે ૬:૩૦ થી ૭:૩૦ સાંજે ૮:૩૦ થી ૯:૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ.

તા. ૧૧/૧૧/૧૫, બુધવાર : **અન્નકૂટોત્સવ** : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, સવારે ૯:૩૦ કલાકે.

તા.૧૩ થી ૧૫/૧૧/૧૫, : **સત્સંગ શિબિર:** શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર

તા. ૨૦/૧૧/૧૫, શુક્વાર :**શ્રીહરિ જયંતિ:** શ્રી નિલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, સવારે ૬:૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ

તા. ૨૨/૧૧/૧૫, રવિવાર : **પ્રબોધિની એકાદશી :** કીર્તનભક્તિ, સાંજે ૮ : ૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ

શ્રી સ્વા મિ ના રા ય ણો વિ જ ય તે ત રા મ્

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદ

સંવત્ ૨૦૭૨
અષાઢ - શ્રાવણ

2016 August

સોમ MON	મંગળ TUE	બુધ WED	ગુરુ THU	શુક્ર FRI	શનિ SAT	રવિ SUN
1 અષાઢ વદ-૧૪	2 અષાઢ વદ-૩૦ દર્શ અમાવાસ્યા	3 શ્રાવણ વદ-૧	4 શ્રાવણ વદ-૨ ચંદ્ર દર્શન	5 શ્રાવણ સુદ-૩	6 શ્રાવણ સુદ-૪	7 શ્રાવણ સુદ-૫
8 શ્રાવણ સુદ-૬	9 શ્રાવણ સુદ-૬	10 શ્રાવણ સુદ-૭	11 શ્રાવણ સુદ-૮	12 શ્રાવણ સુદ-૯ શ્રીહરિ જયંતી	13 શ્રાવણ સુદ-૧૦	14 શ્રાવણ સુદ-૧૧ પવિત્રા એકાદશી
15 શ્રાવણ સુદ-૧૨ સ્વાતંત્ર્ય દિન	16 શ્રાવણ સુદ-૧૩	17 શ્રાવણ સુદ-૧૪	18 શ્રાવણ સુદ-૧૫ મુકુટોત્સવ પૂન-રક્ષાબંધન	19 શ્રાવણ વદ-૧	20 શ્રાવણ વદ-૨ હીંડોળા સમાપ્ત	21 શ્રાવણ વદ-૩-૪
22 શ્રાવણ વદ-૫ નાગ પંચમી	23 શ્રાવણ વદ-૬ રાંધણ છઠ્ઠ	24 શ્રાવણ વદ-૭ શીતળા સાતમ	25 શ્રાવણ વદ-૮ કૃષ્ણ જન્માષ્ટમી	26 શ્રાવણ વદ-૯	27 શ્રાવણ વદ-૧૦	28 શ્રાવણ વદ-૧૧ અજા એકાદશી
29 શ્રાવણ વદ-૧૨	30 શ્રાવણ વદ-૧૩	31 શ્રાવણ વદ-૧૪ દર્શ અમાવાસ્યા પૂજ્ય જોગીસ્વામીની પુન્યતિથિ	www.swaminarayangurukul.org Email : gurukul@sgvp.org SwaminarayanGurukul GurukulParivar			8

વ્રત ઉત્સવની વિગત

૮/૦૮/૨૦૧૬
વડતાલ, શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજનો જન્મદિન
૧૧/૦૮/૨૦૧૬
શ્રી રામપ્રતાપભાઈનો જન્મદિન (સં.૧૮૧૮, ઈટાર)
૧૨/૦૮/૨૦૧૬
શ્રીહરિ જયંતિ ઉત્સવ સ્વા.ગુરુકુલ, અમદાવાદ
શ્રીનીલકંઠવર્ણી અભિષેક રાજોપચાર પૂજન દર્શન
શ્રી નીલકંઠવર્ણી ગીરનાર પર પધાર્યા
૧૪/૦૮/૨૦૧૬
ઠાકોરજીને પવિત્રા ધરાવવા.
૨૩/૦૮/૨૦૧૬
શ્રીહરિ લોજમાં પધાર્યા.
૨૫/૮/૨૦૧૬
રાત્રે ૧૦:૦૦ થી ૧૨:૦૦ દરમ્યાન ગુરુકુલ, અમદાવાદમાં ભગવાન શ્રી કૃષ્ણનો પ્રાગટ્યોત્સવ ઉજવાશે.
સદ્. શ્રી રામાનંદ સ્વામીનો જન્મદિન (સંવત્ ૧૭૯૫, અયોધ્યા)
૩૧/૦૮/૨૦૧૬
પૂજ્ય જોગીસ્વામીની ૫ મી પુન્યતિથિ

ઓ પ્રેમપંથના પ્રવાસી ! જો જે ! દીવડામાં ખૂટેના શ્રદ્ધાના તેલ, શ્રદ્ધાનો દીપ તારા પંથને ઉજાળશે. - પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP)
અમદાવાદ આયોજીત વિવિધ વિસ્તારોની સત્સંગ સભાની યાદિ

સુહૃદ સભા - SGVP, છારોડી
દર મહિનાના પહેલા રવિવારે 'સુહૃદસભા'
સાંજે ૬:૦૦ કલાકે
સંપર્ક :- ૯૮૨૫૨૧૦૦૩૮

સત્સંગ સભા - દ્રોણેશ્વર
દર મહિનાના ત્રીજા રવિવારે,
સવારે ૯ : ૦૦ કલાકે
સંપર્ક :- પૂજ્ય નરનારાયણદાસજી સ્વામી
મો. ૯૯૦૯૯૭૭૭૨૬

સત્સંગ સભા - બાપુનગર
દર મહિનાના પહેલા અને ત્રીજા શનિવારે
રાત્રે ૯:૦૦ કલાકે
સંપર્ક :- શ્રી પરષોત્તમભાઈ જીયાણી
મો. ૯૯૨૫૧૯૦૨૧૨

કિશોર મંડળ - બાપુનગર
દર મહિનાના બીજા અને ચોથા બુધવારે
રાત્રે ૯:૦૦ કલાકે
સંપર્ક :- ભાવેશ દેશાઈ મો. ૯૯૯૮૪૨૨૧૫૭

સત્સંગ સભા - અંકલેશ્વર
દર બીજા મહિનાના બીજા શુક્રવારે
રાત્રે ૯:૦૦ કલાકે
સંપર્ક :- શ્રી વિપુલભાઈ ગજેરા મો. ૯૮૨૪૧૫૦૫૦૦
ઘનશ્યામભાઈ શીંગાળા મો. ૯૮૨૫૩૧૨૮૨૫

સત્સંગ સભા - સુરત
દર મહિનાના બીજા શનિવારે
રાત્રે ૯:૦૦ કલાકે
સંપર્ક :- શ્રી ધનજીભાઈ દુધાત મો. ૯૯૨૫૮૪૧૮૪૬

સત્સંગ સભા - બોપલ, અમદાવાદ
દર મહિનાના ચોથા શનિવારે
રાત્રે ૯:૦૦ કલાકે
સંપર્ક :- શ્રી અમૃતભાઈ અજુડીયા
મો. ૯૮૭૯૬૧૪૩૬૯

સત્સંગ સભા, રાજકોટ
દર મહિનાના ચોથા રવિવારે
રાત્રે ૯:૦૦ કલાકે
સંપર્ક :- શ્રી પરષોત્તમભાઈ બોડા
મો. ૯૮૨૫૧૮૧૬૧૧

સત્સંગ સભા - મુંબઇ
દર બીજા મહિનાના બીજા રવિવારે
સંપર્ક :- ડી.કે. શાહ મો. ૯૩૨૨૨૩૧૪૦૮
શ્રી ભુપેન્દ્રભાઈ મહેતા મો. ૯૮૨૧૧૧૬૩૫૦

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ - મેમનગર
અમદાવાદ મુકામે ચાલતી સત્સંગ સભા
- વચનામૃત સત્સંગ સભા
દર રવિવારે સાંજે ૬:૦૦ કલાકે
- બાલ સત્સંગ સભા
દર રવિવારે સવારે ૧૦:૦૦ કલાકે
સંપર્ક :- મહેશભાઈ પટેલ મો. ૯૮૭૯૫૧૬૯૦૬
- બાલિકા સત્સંગ સભા
દર રવિવારે સવારે ૧૦:૦૦ કલાકે
સંપર્ક -: જાગૃતિબેન કેરાઈ મો. ૯૬૫૭૦૮૫૬૨૮
- કિશોર સત્સંગ મંડળ
દર મહિનાના પહેલા બુધવારે,
રાત્રે ૯:૦૦ કલાકે
સંપર્ક :- કાંતિભાઈ ભંડેરી મો. ૯૪૦૮૭૭૮૦૬૫
- કિશોરી સત્સંગ મંડળ
દર મહિનાના પહેલા બુધવારે
રાત્રે ૯:૦૦ કલાકે
સંપર્ક :- રમીલાબેન મો. ૯૮૨૫૦૭૬૭૩૯

વિશેષ માહિતી માટે સંપર્ક

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ-અમદાવાદ
૦૭૯-૨૭૯૧૨૫૯૧
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ-છારોડી
૦૨૭૧૭-૨૪૨૧૪૧
પૂજ્ય શ્રી ભક્તિવેદાંતદાસજી સ્વામી
મો. ૯૮૨૫૩૧૫૦૩૦

પૂજ્ય શ્રી મુક્તસ્વરૂપદાસજી સ્વામી
મો. ૯૦૯૯૦૯૨૫૫૬
પૂજ્ય શ્રી વેદાંતસ્વરૂપદાસજી સ્વામી
મો. ૯૯૨૫૧૯૦૨૧૨
પૂજ્ય શ્રી પ્રિયવદનદાસજી સ્વામી
મો. ૯૮૭૯૨૦૬૬૦૩

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદ

સંવત્ ૨૦૭૨ ભાદરવો

2016 September

સોમ MON	મંગળ TUE	બુધ WED	ગુરુ THU	શુક્ર FRI	શનિ SAT	રવિ SUN
9			1 શ્રાવણ વદ-૩૦ અમાસ	2 ભાદરવા સુદ-૧ ચંદ્ર દર્શન	3 ભાદરવા સુદ-૨	4 ભાદરવા સુદ-૩ કેવડાત્રીજ સામ શ્રાવણી
5 ભાદરવા સુદ-૪ શ્રી ગણેશ ચતુર્થી	6 ભાદરવા સુદ-૫ ઋષિ પંચમી	7 ભાદરવા સુદ-૬	8 ભાદરવા સુદ-૭	9 ભાદરવા સુદ-૮	10 ભાદરવા સુદ-૯ શ્રીહરિ જયંતી	11 ભાદરવા સુદ-૯
12 ભાદરવા સુદ-૧૦	13 ભાદરવા સુદ-૧૧ જળઝીલણી એકાદશી	14 ભાદરવા સુદ-૧૨-૧૩ વામન જયંતી	15 ભાદરવા સુદ-૧૪ અનંત ચતુર્દશી	16 ભાદરવા સુદ-૧૫ મુકુટોત્સવ પૂનમ	17 ભાદરવા વદ-૧ શ્રાદ્ધ પ્રારંભ	18 ભાદરવા વદ-૨
19 ભાદરવા વદ-૩	20 ભાદરવા વદ-૪	21 ભાદરવા વદ-૫-૬	22 ભાદરવા વદ-૭	23 ભાદરવા વદ-૮	24 ભાદરવા વદ-૯	25 ભાદરવા વદ-૧૦
26 ભાદરવા વદ-૧૧ ઇન્દિરા એકાદશી	27 ભાદરવા વદ-૧૨	28 ભાદરવા વદ-૧૩	29 ભાદરવા વદ-૧૪	30 ભાદરવા વદ-૩૦ દર્શ અમાવાસ્યા શ્રાદ્ધ સમાપ્ત	www.swaminarayangurukul.org Email : gurukul@sgvp.org SwaminarayanGurukul GurukulParivar	

વ્રત ઉત્સવની વિગત

૪/૦૯/૨૦૧૬
વરાહ જયંતી
સામવેદી બ્રાહ્મણોએ જનોઈ બદલવી

૧૦/૦૯/૨૦૧૬
શ્રીહરિ જયંતિ ઉત્સવ
સ્વા.ગુરુકુલ, અમદાવાદ
શ્રીનીલકંઠવર્ણી અભિષેક તથા
રાજોપચાર પૂજન દર્શન

૧૩/૦૯/૨૦૧૬
પરિવર્તીની એકાદશી, વામન જયંતી
દ્રોણેશ્વર ગુરુકુલ ખાતે સવારે
જલઝીલણી ઉત્સવ

જેને ભગવાનનો પરિપક્વ નિશ્ચય છે તેને કોઈરીતે માયા દુઃખ દેવાને સમર્થ થતી જ નથી. - વચનામૃત

SGVP દ્વારા પ્રકાશિત પુસ્તકોની યાદી

વચનામૃત (ત્રણ સાઈઝમાં)
સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની વાતો
ભક્તચિંતામણિ
કિર્તનાવલી
મહાપુજા
શિક્ષાપત્રી (અંગ્રેજી)
શિક્ષાપત્રી (ગુજરાતી)

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી દ્વારા લખાયેલ પુસ્તકો

ઈઝરાયેલની ધર્મયાત્રા
કિર્તનની કુંજગલી
જોગી ચલો આપણે ગામ
જોગીસ્વામીની જીવનગાથા (ગુજરાતી)
જોગીસ્વામીની જીવનગાથા (અંગ્રેજી)
પુલહાશ્રમની પાવનયાત્રા
હનુમંત ચરીત્ર
સદ્‌ગુરુ ગાથા (ભાગ-૧,૨)
સ્વામિનારાયણ સંપ્રદાયમાં બહેનોનું સ્થાન

પરમ પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામી દ્વારા લખાયેલ પુસ્તકો

અમૃતકુંભ
સત્સંગ સંસ્કાર સિંચન
વચનામૃત સાર સંગ્રહ
સહસ્ત્ર સુત્રાવલી
સહસ્ત્ર સુપદ્યાવલી
વિણેલા મોતી ભાગ-૧,૨
અમૃત રસાયણ

પરમ પૂજ્ય પુરાણી શ્રી હરિસ્વરુપદાસજી સ્વામી દ્વારા વ્યાખ્યાયીત પુસ્તકો

અન્ન તેવું મન
વ્યસન મુક્તિ
જીવન શા માટે ?
મૃત્યુ ચિંતન
સહજાનંદસ્વામી એટલે શું ?
પંચવર્તમાન
મારી પાસે સમય નથી
ઉપાસાનાનું અમૃત
નિત્ય પૂજા
જીવન શીલ્પ
જીવન સંગીત
શું આપણે ધાર્મિક છીએ ?
ભજ ગોવિંદમ્ (ભાગ-૧-૨-૩)

અન્ય પુસ્તકો

માધવપ્રિયસ્વામી એક મુલાકાત(અંગેજી)
માધવપ્રિયસ્વામી એક મુલાકાત(ગુજરાતી)
નારી રત્નો (ભાગ- ૧,૨)
સદ્‌ગુરુ વૈભવ
ભાગવત્ સ્તુતિ સંગ્રહ
વચનામૃતમાં મુક્તાનંદ સ્વામીના પ્રશ્નો
અધ્યાત્મ દ્વારા એકતા અને સમરસતા
નિત્ય પ્રાર્થના
પંચસ્ત્રોતમ્
નિત્યવિધિ

સંવત્ ૨૦૧૨
આસો

શ્રી સ્વા મિ ના રા ય ણો વિ જ ય તે ત રા મ્

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદ

2016
October

સોમ MON	મંગળ TUE	બુધ WED	ગુરુ THU	શુક્ર FRI	શનિ SAT	રવિ SUN
31 કાર્તિક સુદ-૧ અન્નકૂટોત્સવ, નૂતન વર્ષ પ્રારંભ		10		www.swaminarayangurukul.org Email : gurukul@sgvp.org SwaminarayanGurukul GurukulParivar	1 આસો સુદ-૧ નવરાત્રી પ્રારંભ	2 આસો સુદ-૧ ગાંધી જ્યંતી
3 આસો સુદ-૨	4 આસો સુદ-૩	5 આસો સુદ-૪	6 આસો સુદ-૫	7 આસો સુદ-૬	8 આસો સુદ-૭	9 આસો સુદ-૮
10 આસો સુદ-૯ શ્રીહરિ જ્યંતી	11 આસો સુદ-૧૦ વિજ્યા દશમી	12 આસો સુદ-૧૧ પાશાંકુશા એકાદશી	13 આસો સુદ-૧૨ શ્રી ગોપીનાથજી મહારાજનો પાટો.	14 આસો સુદ-૧૩	15 આસો સુદ-૧૪ કોજાગરી, શરદ પૂનમ	16 આસો સુદ-૧૫ મુકુટોત્સવ પૂનમ
17 આસો વદ-૨	18 આસો વદ-૩	19 આસો વદ-૪	20 આસો વદ-૫	21 આસો વદ-૬	22 આસો વદ-૭	23 આસો વદ-૮
24 આસો વદ-૯	25 આસો વદ-૧૦	26 આસો વદ-૧૧ રમા એકાદશી	27 આસો વદ-૧૨ વાઘબારસ	28 આસો વદ-૧૩ ધનતેરસ ગાયમાતાનું પૂજન	29 આસો વદ-૧૪ કાળી ચૌદશ, હનુમાનજીનું પૂજન	30 આસો વદ-૩૦ દિવાળી, લક્ષ્મી પૂજન, ચોપડા પૂજન

વ્રત ઉત્સવની વિગત

૩/૧૦/૨૦૧૬
અમદાવાદ વર્તમાન આચાર્ય મહારાજ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજીનો ગાદિ અભિષેક દિન

૧૦/૧૦/૨૦૧૬
સ્વા.ગુરુકુલ, અમદાવાદ શ્રી નીલકંઠવર્ણી અભિષેક રાજોપચાર પૂજન દર્શન

૧૫/૧૦/૨૦૧૬
છારોડી-સંતનિવાસમાં બિરાજીત શ્રી ઘનશ્યામ મહારાજનો પાટો. રાત્રે છારોડી ગુરુકુલમાં શરદોત્સવ ઠાકોરજીને દુધપૌવા ધરાવવા.

૨૦/૧૦/૨૦૧૬
સારંગપુર હનુમાનજી મહારાજનો પાટોત્સવ સં. ૧૯૦૫

૩૦/૧૦/૨૦૧૬
ચોપડા પૂજન, અમદાવાદ ગુરુકુલ

નિંદા સ્તુતિની ટેવથી, જુવે દુનિયાનાં દોષ; બીજાના ધોબી બની, મેલ ધોવાની હોશ.

સૂતક નિર્ણય

અને અમારા સત્સંગી એવા જે ચારે વર્ણના મનુષ્ય તેમણે જન્મનું તથા મરણનું સૂતક તે પોતાના સંબંધને અનુસારે કરીને યથાશાસ્ત્ર પાળવું. (૮૮, શિક્ષાપત્રી)

શાસ્ત્રોમાં જણાવેલ જન્મ, મૃત્યુના સૂતક અંગેનો જિજ્ઞાસુઓની જાણ માટે અત્રે આપેલ છે. સૂતકદરમ્યાન પૂજા, થાળ, આરતી વગેરે પોતે ન કરતાં સૂતક રહિત અન્ય વ્યક્તિ પાસે કરાવવાં, દૂરથી દેવદર્શન થઈ શકે.

જન્મસૂતક

૧. પુત્ર અથવા પુત્રીનો જન્મ થતાં પિતાએ તથા સપિંડ (સાત પેઢી સુધીના) સગાઓએ દશ દિવસ પાળવું તથા સોદક (આઠથી ચૌદ પેઢી સુધીના) સગાઓએ ત્રણ દિવસનું સૂતક પાળવું.

૨. સૂતિકા સ્ત્રીએ પુત્ર જન્મના દશ દિવસ અને એકવીસ દિવસ સુધી તથા કન્યા જન્મમાં દશ દિવસ અને એક મહિના સુધી સૂતક પાળવાનું હોય છે.

૩. જે ઘરમાં સૂતિકા સ્ત્રી હોય તે ઘરના સભ્યોને પણ સ્પર્શાસ્પર્શનાં કારણે પૂજાદિક કર્મો નિષિદ્ધ ગણવામાં આવ્યા છે.

૪. જન્મસૂતકમાં પ્રસુતિ પછીના દશ દિવસ બાદ સમાચાર મળે તો સૂતક પાળવું નહીં.

૫. જન્મસૂતકમાં પ્રત્યક્ષ રીતે ભગવાનની મૂર્તિના પૂજનનો નિષેધ છે.

૬. પુત્ર જન્મનિમિત્તે દાન દેવા માટે પિતાને, પુત્ર જન્મના દિવસે, છઠ્ઠા દિવસે તથા દશમા દિવસે સૂતક નથી.

દિવસના ચોઘડિયા

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શનિ
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ
ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ
અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ
રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ

રાત્રિના ચોઘડિયા

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શનિ
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ
અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ
ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ
રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત
કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ
લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ
ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમૃત	રોગ	લાભ

બાળકનું નામ કઈ રીતે પાડશો ?

હિન્દુધર્મમાં સોળ સંસ્કાર પૈકી 'નામકરણ' એક સંસ્કાર છે. આ નામકરણ સંસ્કાર બાળક જે દિવસે જન્મ્યું હોય તે દિવસ ને તે સમયે કઈ રાશિ છે તે મુજબ જ થઈ શકે છે. જેમકે મેષ રાશિમાં બાળકનો જન્મથયો હોય તો 'મેષ' રાશિના અક્ષરો અ.લ.ઈ. પૈકી એક અક્ષર પસંદ કરી તે મુજબ નામકરણ કરાવી શકે. દા.ત. અનીલ, લક્ષ્મણ, ઈશ્વર વગેરે.અન્ય રાશિઓ અને તેનો ક્રમ તથા અક્ષરો નીચે મુજબ છે.

- મેષ - અ,લ,ઈ
- વૃષભ - બ,વ,ઉ
- મિથુન - ક,છ,ઘ
- કર્ક - ડ,હ
- સિંહ - મ,ટ
- કન્યા - પ,ઠ,ણ
- તુલા - ર,ત
- વૃશ્ચિક - ન,ય
- ધન - ભ,ધ,ઢ, ફ
- મકર - ખ,જ
- કુંભ - ગ,શ,ષ
- મીન - દ,ચ,ઝ,થ

મરણ સૂતક

૧. સપિંડ (સાત પેઢી સુધી)ના મરણમાં દશ દિવસનું સૂતક તથા સોદક (આઠથી ચૌદ પેઢી સુધી)ના મરણમાં ત્રણ દિવસનું સૂતક પાળવાનું હોય છે.

૨. જન્મથી દશ દિવસમાં બાળકનું મૃત્યુ થાય તો મરણ સૂતક પાળવું નહિ પણ જન્મનું સૂતક પાળવું.

૩. દાંત આવે ત્યાં સુધીમાં બાળક મૃત્યુ પામે તો સ્નાન માત્રથી શુદ્ધિ થાય છે.

૪. ત્રીજા વર્ષમાં બાળકેશ ઉતારવા પર્યંત મરણ થયે એક દિવસ અને એક રાત્રીનું સૂતક લાગે.

૫. પાંચમા વર્ષ પર્યંત બાળકના મરણમાં ત્રણ દિવસ અને ત્રણ રાત્રીનું સૂતક લાગે.

૬. જે કન્યાનું વાગ્દાન ન થયું હોય તેના મરણમાં એક દિવસનું સૂતક લાગે.

૭. વાગ્દાન થયેલ કન્યાના મરણથી ત્રણ દિવસનું સૂતક લાગે.

૮. વિવાહિત સ્ત્રીના મરતાં તેના માતા-પિતાને ભાઈને ત્રણ દિવસનું સૂતક લાગે.

૯. વિવાહિત સ્ત્રીના મરતાં તેના પિતાના ભાઈને ત્રણ દિવસનું સૂતક લાગે.

૧૦. વિવાહિત સ્ત્રીના મરતાં તેના પિતાના સગાને એક દિવસનું સૂતક લાગે.

૧૧. માતા-પિતાના અવસાનમાં પુત્રીને ત્રણ દિવસનું સૂતક લાગે.

૧૨. આચાર્ય, માતાના પિતા, પુત્રના પુત્રી, યજમાન તથા બહેનોના દીકરાના અવસાનમાં ત્રણ દિવસનું સૂતક લાગે.

૧૩. મામા, માસી, સસરા, સાસુ, જમાઈ તથા બહેનનું અવસાન પોતાને ઘરે થાય તો ત્રણ દિવસનું સૂતક લાગે અને બીજે અવસાન થાય તો બે દિવસ ને એક રાત્રીનું સૂતક લાગે.

૧૪. ફોઈ, માસી, સાળો, મિત્ર તથા શિષ્યના અવસાનમાં બે દિવસ ને એક રાત્રીનું સૂતક લાગે.

૧૫. અન્ય સંબંધીજનોના અવસાનમાં માત્ર સ્નાન કરવું.

૧૬. મરણના સૂતકની, મૃત્યુના અગિયારમાં દિવસથી એક માસમાં ખબર પડે તો ત્રણ દિવસ-રાત્રીનું સૂતક લાગે.

૧૭. પિતા, માતા, પતિ કે સ્ત્રીના અવસાનની જાણ સ્વદેશ યા પરદેશ એક વર્ષ પછી થાય તો પણ પૂરું સૂતક પાળવું.

ગ્રહણ પાળવા અંગેના સૂચનો

૧. જે ગ્રહણ આપના સ્થળે દેખાવાનું હોય તેનું પાલન કરવાનું હોય છે.

૨. ગ્રહણની શરૂઆતના સમયને 'સ્પર્શ' અને પૂરું થાય તેને 'મોક્ષ' કહે છે.

૩. સ્પર્શના કેટલાક સમય પહેલા તેની અસર થતી હોવાથી જમવાનું બંધ કરવાનું હોય છે. આ સમયને 'વેધ' કહેવામાં આવે છે. સૂર્યગ્રહણના સ્પર્શ પહેલા ૧૨ કલાકે અને ચંદ્રગ્રહણના સ્પર્શ પહેલા ૯ કલાકે વેધ લાગે છે. વેધ દરમ્યાન સૌ કોઈ માટે કોઈ પણ પ્રકારનું ભોજન કરવાનું નિષિદ્ધ છે. માત્ર પાણી જ પીવામાં નિષેધ નથી. રોગી, વૃદ્ધ અને બાળક માટે ૨:૨૪ કલાક જ વેધ ગણવામાં આવેલ છે.

૪. ગ્રહણ દરમ્યાન એક સ્થળે બેસીને ભગવાનનાં નામનો જપ, ભજન, સંકીર્તન કરવાની શાસ્ત્રની આજ્ઞા છે.

૫. ગ્રહણ દરમ્યાન સુતરાઉ વસ્ત્રોનો સ્પર્શ ન કરી શકાય.

૬. ગ્રહણ બાદ પહેરેલાં વસ્ત્રોએ સહિત સ્નાન કરવું. ત્યાર બાદ સાધુ સંતો તથા સંન્યાસીઓએ ભગવાનની પૂજા કરવી અને ગૃહસ્થોએ દાન કરવું. (શિક્ષાપત્રી)